**કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

***૧૫/૩/૩૭૮ : શ્રી અમૃતજી ઠાકોર (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને | (૧) | **અછત અને અનાવૃષ્ટિ-** તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અછત અને અનાવૃષ્ટિ પરિસ્થિતિને પહોંચી વળવા માટે રકમની માંગણી કરવામાં આવેલ નથી.<br>**અતિવૃષ્ટિ-** રાજ્ય સરકાર દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૨ ના પત્રથી ચોમાસુ-૨૦૨૨ અંતર્ગત રૂ.૧૫૨.૯૯/- કરોડની માંગણી કરવામાં આવેલ છે.<br>**વાવાઝોડું-** તૌકતે વાવાઝોડા અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૧ના પત્રથી રૂ. ૨૪૪૮.૮૩/-કરોડની માંગણી કરવામાં આવેલ છે. ઉપરાંત બિપોરજોય વાવાઝોડા અંતર્ગત તા.૧૨/૦૭/૨૦૨૩ ના પત્રથી ૭૦૦.૪૨ કરોડની માંગણી કરવામાં આવેલ છે. |
| (૨) | તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી ? | (૨) | **અતિવૃષ્ટિ-** કેન્દ્ર સરકાર દ્વારા માંગણી નામંજૂર કરવામાં આવેલ છે.<br>**વાવાઝોડું-** તૌકતે વાવાઝોડા અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ રૂ. ૧૦૦૦/- કરોડની રકમ અગાઉથી ફાળવવામાં આવેલ છે. બિપોરજોય વાવાઝોડા અંતર્ગત હાલમાં કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. |

---